# સાબરકાંઠાનાં જાહેર માર્ગો પર પશુઓને ઘાસચારો નાખવા પર પ્રતિબંધ

બાયડ તા.૩૦

સાબરકાંઠા જિલ્લામાં જાહેર રસ્તાઓ માં કેટલાક લોકો દ્વારા ઘાસચારો વેચાતો હોય અને જીવદયાપ્રેમીઓ દ્વારા રોડ ઉપર વાહનોપાર્ક કરી જાહેરમાં રખડતા પશુઓને ઘાસચારો ખવડાવતા હોય છે. જે લોકોના સ્વાસ્થ અને જાહેર માર્ગ સલામતિને ભયરૂપ હોય માર્ગ અકસ્માત થવાની શક્યતાઓ રહેલી છે. આથી આમ જનતાની સલામતીના હેતુસર જિલ્લા કલેકટરશ્રી- જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી હિતેષ કોયા દ્વારા જાહેર રસ્તાઓ, જાહેર માર્ગો, ફૂટપાથો ઉપર કોઈપણ વ્યક્તિ દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તે સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.

આ પ્રતિબંધિત વિસ્તાર રિલાયન્સ માર્ટ સામે, બેરણા રોડ, હિંમતનગર, જૂની જિલ્લા પંચાયતની આગળ રેલવે ફાટક સામે, દુર્ગા કોમ્પ્લેક્સવાળા રેલવે ફાટક પાસે, સી.સી શેઠના પેટ્રોલ પંપ સામે ગળનાળા ઉપર, જેપી મોલ સામે મહાકાલી -ગાયત્રી મંદિર રોડ, ધાણધા ફાટક પાસે, છાપરીયા ચોકડી હનુમાનજી મંદિર પાસે, બળવંતપુરા ફાટક પાસે, ડેમાઈ રોડ આ જાહેર માર્ગો પર પશુઓને ઘાસચારો નાખવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.

આ હુકમ તાત્કાલિક અસરથી તા. ૨૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી અમલમાં રહેશે, આ હુકમનો ભંગ કરનાર વ્યપકિત ભારતીય દંડ સહિતાની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# સરડોઈ- દાવલી રોડના નવીનીકરણમાં ભ્રષ્ટ્રાચારની બૂમ

## રોડના કામમાં શરૂઆતથી લોટ, પાણીને લાકડાં !!

બાયડ( બ્યુરો ઓફીસ) તા.૩૦

મોડાસા તાલુકાના સરડોઈ -દાવલી ને જોડતા રોડનું મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં નવીનીકરણ થઈ રહ્યું છે ત્યારે કોન્ટ્રાકટ એજન્સી દ્વારા રોડના કામમાં શરૂઆતથી લોટ,પાણીને લાકડાં જેવી રીતે અપનાવવામાં આવતાં પંથકમાં હલકી ગુણવત્તાના કામની બૂમ ઉઠી છે.રૂ.૫ કરોડના અંદાજીત ખર્ચથી રોડનું કામ શરૂ થયું છે જેમાં સાઈડો પૂરવામાં વેઠ ઉતારવામાં આવી હોવાની ફરિયાદ છે.

જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ ( જિલ્લા પંચાયત) હસ્તકના રોડના કામો હંમેશા વિવાદોના વમળમાં રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારના આગેવાનો અને પ્રજા દ્વારા વર્ષો સુધી રોડ સુધારવાની રજૂઆતો પછી કામ મંજૂર થાય તેમાં ભ્રષ્ટ અધિકારીઓ રોડના નબળા કામને નજર અંદાઝ કરી કોન્ટ્રાક્ટ એજન્સીઓ ને છાવરતા હોવાથી કરોડોના ખર્ચે બનતાં રોડ ટુંક સમયમાં ભંગાર બની જતાં હોય છે.મોડાસા તાલુકાના સરડોઈ અને દાવલી ને જોડતો ડામર રોડ અત્યંત ભંગાર હાલતમાં ફેરવાઈ ગયો હતો જેના માટે સ્થાનિક પ્રજાએ રોડ ઉપર ચકકાજામ કરી તંત્રની આંખ ઉગાડવાનો પ્રયાસ કર્યો હતો.રોડના નવીનીકરણ માટે વારંવાર થયેલ રજૂઆત પછી રાજ્ય સરકાર દ્વારા રોડના કામ માટે બજેટ ફાળવી એજન્સી ને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે જેમાં કામ તો શરૂ થયું પરંતુ મટીરીયલ હલકી ગુણવત્તાનું વપરાય છે જેથી સ્થાનિકોમાં કામ આવે સવાલ ઊભા થયા છે.રોડની સાઇડ તૈયાર કરવામાં માપ અને પુરન માટે ની સામગ્રી નિમ્ન કક્ષાની વાપરી ઉપર માટી પૂરી દેવાયા ના આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક ના કામની તપાસ કરાવે તો અધિકારીઓની નીગરાની હેઠળ તૈયાર થતાં રોડની પોલ ખૂલી શકે છે.




# જન્મદિને વધામણી



વ્રજ એન .પટેલ
ધનસુરા



દિનેશભાઈ એસ.પટેલ
માજી સરપંચ, રમાસ ગ્રામ પંચાયત
રમાસ તા. બાયડ



મનીષ આર.શાહ
ધનસુરા



સતીશ ચૌધરી
ગાંધીનગર, (આકૃંદ)



વિયાન ચિંતન કુમાર પટેલ
બાયડ

રક્તદાન મહાદાન

# અંબાજી ખાતે વિધાનસભાના અધ્યક્ષ ડૉ.નીમાબેન આચાર્યએ માતાજીના દર્શન કર્યા

અંબાજી, તા. ૩૦

કરોડો શ્રદ્ધાળુઓની પરમ શ્રધ્ધા તેમજ શક્તિ, ભક્તિ અને આસ્થાના પરમ કેન્દ્ર સમાન પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્યએ સજોડે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કરી મા જગદંબાના આશિર્વાદ મેળવ્યાં હતાં. આ પ્રસંગે અધ્યક્ષશ્રીએ મિડિયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, આજે મને ખુબ ખુશી છે કે મા અંબાના આશીર્વાદથી વિધાનસભાના અધ્યક્ષની ખુબ મોટી જવાબદારી મળી છે. જયાં લોકોની સુખ-સુવિધામાં વધારો કરવા તથા તેમના કલ્યાણ માટેના કાયદાઓ બને છે. તેમણે કહ્યું કે આજે મા અંબાના દર્શન કરી મા ને પ્રાથના કરી છે કે, દેશના તમામ લોકોનું જીવન નિરોગી અને તંદુરસ્ત રહે તથા લોકોના ઘરમાં સુખ-સમૃધ્ધિ પથરાય. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મારા પર વિશ્વાસ મુકી વિધાનસભા ગૃહની આટલી મોટી જવાબદારી સોંપી છે ત્યારે માતાજી લોકોના કલ્યાણ માટેના કામ કરવાની મને શક્તિ આપે તેવી પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના થર્ડ વેવની ચર્ચા ચાલી રહી છે ત્યારે થર્ડ વેવ આવે જ નહીં તથા મા જગદંબાના આશીર્વાદ આપણા રાજય અને દેશ પર સતત વરસતા રહે અને આપણું રાજય સતત વિકાસના નવા આયામો સર કરે તેવી પણ માતાજીને પ્રાર્થના કરી છે. અધ્યક્ષે કહ્યું કે મહિલા સશક્તિકરણ માટે હું ૧૯૯૦ થી સતત કાર્ય કરુ છુ. મહિલાઓની સુરક્ષા- સલામતી અને સર્વાંગી વિકાસ માટે રાજયમાં ૧૫૦ થી વધુ યોજનાઓ અમલી બનાવાઈ છે. સંકટના સમયમાં મહિલાઓને સુરક્ષા પુરી પાડવા ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન કાર્યરત છે. તેમણે કહ્યું કે આજે મહિલાઓએ તમામ ક્ષેત્રોમાં પ્રગતિના સોપાનો સર કરી પુરૂષ સમોવડી બની છે. પોલીસ ભરતીમાં ૩૩ ટકા મહિલાઓ માટે અનામતના લીધે રાજયમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. આ પ્રસંગે દાંતાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીએ માતાજીની મૂર્તિ અને શાલથી તથા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ.જે. ચાવડાએ માતાજીનો ખેસ પહેરાવી અધ્યક્ષનું સ્વાગત-સન્માન કર્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષશ્રીના પતિશ્રી ભાવેશભાઈ આચાર્ય, પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રેખાબેન ખાણેશા, અગ્રણીઓ સર્વશ્રી હિતેશભાઈ ચૌધરી, શ્રી સાગરભાઈ ચૌધરી, શ્રી ગોવિંદભાઈ ચૌધરી, રાજુભાઈ ડાભી, પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા, મદદનીશ પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ સહિત અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં



# પણ કેટલા દિવસ...!!

# મોડાસા ટાઉન પોલીસે ટ્રાફિક અમલવારી માટે ડંડો ઉગમતા રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાયું

## વાહનચાલકો અને લારીઓ ડિટેઇન





મોડાસા,તા. ૩૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થતા લોકો માટે માથાનો દુખાવો બની રહેતા રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે મોડાસાના રાજમાર્ગો પર લારી-ફેરિયાઓ અને પાથરણાવાળાઓએ અડધા રોડ સુધી કબ્જો જમાવી દેતા અને વાહનચાલકો મનફાવે તેમ આડેધડ પાર્કિંગ કરવાના પગલે ટ્રાફિકજામ દ્રશ્યો છેલ્લા કેટલાક વર્ષો થી યથાવત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા પોલીસતંત્ર અને નગરપાલિકાની નબળી કામગીરી થી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે બુધવારે ટાઉન પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા શહેરના મુખ્યમાર્ગ પર ટ્રાફિક અમલવારી અંગે પોલીસતંત્ર દ્વારા શખ્ત કાર્યવાહી કરતા શહેરના રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાતા અને ટ્રાફિક સમસ્યા હલ થતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો શહેરના અગ્રણીઓમાં ટાઉન પોલીસ અને નગરપાલિકાની ટ્રાફીક નીયમન કામગીરી કેટલા દિવસ ચાલશે તે અંગે ચર્ચાનો વિષય બન્યો છે

મોડાસા ટાઉન પીઆઈ નીતિમીકા ગોહીલની રાહબળી હેઠળ મોટી સંખ્યામાં પોલીસ કાફલો અને નગરપાલિકા ચીફ ઓફીસર જીજ્ઞેશ બારોટ અને કર્મચારીઓએ શહેરના મુખ્યમાર્ગો પર ઉતરી પડી ટ્રાફિક ઝુંબેશ હાથધરાતા શહેરીજનોએ આવકારી હતી માર્ગ પર અડચણરૂપ વાહનો અને લારી-ફેરિયાવાળાઓમાં દોડાદોડી થઇ હતી ટાઉન પોલીસે લારી ફેરિયાવાળા અને પથારાવાળા લોકોને રોડ પર દોરેલ સફેદ પટ્ટાથી બહાર ન ઉભા રહેવા તાકીદ કરી હતી

મોડાસા શહેરના મુખ્યમાર્ગો ચાર રસ્તા થી મખદૂમ ચોકડી,ડીપ રોડ,મેઘરજ રોડ અને માલપુર રોડ પર અડિંગો જમાવી ઉભા રહેતા શાકભાજી,ફ્રૂટ સહીત કટલરી ચીજવસ્તુઓ વેંચતા લારી-ફેરિયાવાળા અને પાથરણા વાળાઓ અડધા રોડ ને બાનમાં લેતા અને મોડાસા શહેરમાં કામકાજ અર્થે આવતા વાહનચાલકો શોપિંગ સેન્ટર બહાર મનફાવે તેમ આડેધડ વાહન પાર્ક કરી જતા રહેતા ગંભીર ટ્રાફિક સમસ્યા ઘર કરી જતા માર્ગો પરથી પસારથતા દૈનિક વાહનચાલકો અને પગપાળા પસારથતા શહેરીજનો ટ્રાફિકની અવ્યવસ્થાનો સામનો કરવો પડતા લોકો તોબા પોકારી ઉઠતા ટ્રાફિકની સમસ્યા અંગે પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને આઈજી સુધી રજુઆત થતા ટાઉન પોલીસતંત્ર હરકતમાં આવી લારી-ફેરિયાવાળા,પાથરણા વાળા અને આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરતા મુખ્યમાર્ગો પહોળા બનતા અને ટ્રાફિકની સમસ્યા હલ થતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો

અત્રે ઉલ્લેખનીય છેકે જિલ્લા પોલીસવડા સહીત મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અને ટ્રાફિક પોલીસ અધિકારી દ્વારા શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા શખ્ત કાર્યવાહી બાદ અમુક સમયબાદ ભુલાઈ જતી હોવાથી સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે

### મોડાસાના દુકાનદારો લારી-ફેરિયાઓ વાળા પાસેથી હપ્તો લેતા હોવાની બુમ...

મોડાસા શહેરના રાજમાર્ગો પર દુકાનદારો લારી-ફેરિયાઓ પાસે થી દૈનિક હપ્તો લઈ છત્રછાયા પુરી પાડતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી દુકાનદારો તેની દુકાન બહાર જગ્યા પ્રમાણે દૈનિક રૂ.૩૦૦ થી રૂ.૫૦ લારી-ફેરિયાવાળા પાસેથી ઉઘરાવતા હોવાનું એક ફેરિયાએ નામ ન આપવાની શરતે જણાવી દુકાનદારો અને પોલીસતંત્ર દ્વારા શોષણ થતું હોવાનો સનસનીખેજ આક્ષેપ પણ કર્યો હતો લારી-ફેરિયાઓ પાસેથી હપ્તો ઉઘરાવતા દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ લોકોએ કરી હતી

# રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા શાળાના બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ

ડીસા, તા. ૩૦

રોટરી ક્લબ ડીસા ડિવાઈન દ્વારા રોટે.કિંજલબેન વિશાલભાઈ



ઠક્કર પરિવારના સૌજન્યથી આજે નાના બાળકોને પૌષ્ટિક નાસ્તો વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડીસાના શિવનગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના ધોરણ ૬,૭,૮ ના બાળકોને શાળામાં પૌષ્ટિક અલ્પાહાર? (બટાકા પૌઆ) વિતરણનો કાર્યક્રમ યોજાયેલ .જેમાં આશરે ૨૫૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.આ કાર્યક્રમમાં પ્રમુખ ડૉ. રીટાબેન પટેલ, મંત્રી હિનલબેન અગ્રવાલ, પ્રોજેક્ટ ચેરમેન કિંજલબેન ઠક્કર તેમજ રોટે.ધર્મિષ્ઠાબેન, રોટે.કાંતાબેન પટેલ તથા નટુભાઈ હાજર રહ્યા હતા.આ કાર્યક્રમમાં ડૉ. વિશાલભાઈ ઠક્કર તેમજ શાળાના શિક્ષકોનો ખૂબ જ સહયોગ મળ્યો હતો.

# પાલનપુરમાં એમડી ડ્રગ્સ સાથે પકડાયેલા બે આરોપીઓને છ દિવસના રિમાન્ડ મજૂર થયા

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં રવિવારે મોડી રાત્રે અમદાવાદથી રાજસ્થાન તરફ જતી ખાનગી લકઝરી બસમાં બાતમીના આધારે એસઓજી પોલીસે ગોરખરામ ખેગારરામ જાટ તેમજ જોગારામ ગુમનારામ જાટ એમ બે શખ્સોને ઝડપ્યા હતા જેમની પાસેથી ૨૬૦ ગ્રામ ડ્રગ્સ કિંમત રૂપિયા ૨૬ લાખનો મળી આવ્યો હતો જેથી એસઓજી પોલીસે છાપી પોલીસ મથકે તપાસ સોંપતા છાપી પોલીસે મંગળવારે બન્ને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી દસ દિવસના રીમાન્ડ માંગ્યા હતા જેમાં કોર્ટે બન્ને આરોપીને છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે .

# મચ્છરજન્ય રોગચાળો અટકાવવા આરોગ્ય અને નગરપાલિકાની સંયુક્ત ટીમો દ્વારા પાલનપુરની વિવિધ સોસાયટીઓમાં રૂ.૩૧,૦૦૦નો દંડ કરાયો

## પાલનપુરની નક્ષત્ર હાઇટ હરીપુરાને-૨૧,૦૦૦ અને ગોકુલધામ તથા શિલ્પ હાઇટ સોસાયટીને રૂ. ૫-૫ હજારનો દંડ ફટકારાયો

પાલનપુર, તા. ૩૦

પાલનપુર શહેરમાં ડેન્ગ્યુ સહિત મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે બનાસકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ અને નગરપાલિકા દ્વારા સંયુકત કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગના ૧૦ સભ્યો અને નગરપાલિકાના ૨ સભ્યોની ૪ ટીમો દ્વારા પાલનપુર શહેરની કુલ- ૩૨ જેટલી સાઈટોની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ત્રણ સ્થળોએ પોરા મળી આવતા કુલ રૂ. ૩૧,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. પાલનપુરની નક્ષત્ર હાઈટ હરીપુરાને રૂ. ૨૧,૦૦૦ અને ગોકુલધામ તથા શિલ્પ હાઈટ સોસાયટીને રૂ. ૫-૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.



સમગ્ર બનાસકાંઠા જિલ્લો અને ખાસ કરીને પાલનપુર શહેરમાં ડેન્ગ્યુ, ચિકનગુનીયા સહિતનો મચ્છરજન્ય રોગચાળો ન પ્રસરે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ અને નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની મુલાકાત લઈ પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે બનાસકાંઠા જિલ્લા એપેડેમિક મેડીકલ ઓફિસર ડૉ. એન. કે. ગર્ગે જણાવ્યું હતું કે, આજની પોરાનાશક કામગીરી દરમ્યાન જે વિસ્તારોમાં પોરા જણાઈ આવ્યા હતાં તેમને કુલ રૂપિયા ૩૧,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, મંગળવારે પાલનપુર શહેરમાં કુલ-૩૨ જેટલી સાઇટોની તપાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૮ જેટલી કન્ટ્રક્શન સાઈટ, ૩ હોટલ રેસ્ટોરન્ટ, ૭ ટાયર ભંગાર, ૧ સરકારી બિલ્ડીંગ અને ત્રણ અન્ય સાઈટોની તપાસ કરાઈ હતી. આ દરમ્યાન ૩૫૭ જેટલાં પાત્રોની તપાસ કરાઈ હતી. જેમાં ૧૫૧ પાત્રોમાં પોરા મળી આવ્યા હતાં. જેમને દંડ તથા કુલ-૧૫ જેટલાંને નોટીસ આપવામાં આવી છે અને આ કામગીરી સતત ચાલુ છે તેમ તેમણે જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘની વાર્ષિક જનરલ સભા યોજાઈ

## મોટી સંખ્યામાં મંડળના સભ્યો સહિત નિવૃત શિક્ષકો - શિક્ષિકાઓ ઉપસ્થિત રહ્યાં : નિર્મળસિંહ દાદુભા રાણાના પ્રમુખસ્થાને સભા યોજાઇ




પ્રાંતિજ ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘ સંલગ્ન ગુજરાત સ્ટેટ પેન્શનર્સ ફેડરેશનની વાર્ષિક જનરલ સભા યોજાઈ. પ્રાંતિજ બાવન ગોળ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘ ની વાર્ષિક જનરલ સભા નિર્મળસિંહ દાદુસિંહ રાણા પ્રમુખ ગુજરાત રાજ્ય પેન્શનર્સ ફેડરેશન ના પ્રમુખ સ્થાને યોજાઈ હતી જેમાં અતિથિ વિશેષ તરીકે ચતુરસિંહ ચૌહાણ પ્રમુખ નિવૃત કર્મચારી મંડળ સાબરકાંઠા તથા હિંમતનગર પૂર્વ પ્રમુખ મગનભાઈ પટેલ તથા પ્રાંતિજ તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ઈન્દ્રસિંહ બાલુસિંહ પરમાર, ઉપપ્રમુખ પોપટભાઈ.કે.પટેલ, મંત્રી રામભાઈ કે.વણકર, સહમંત્રી અરવિંદભાઈ રાવલ તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી મોટી સંખ્યામાં નિવૃત્ત શિક્ષકો- શિક્ષિકાઓ સહિત મંડળ ના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો મંત્રી રમણભાઈ કે.વણકર તથા સહમંત્રી અરવિંદભાઈ રાવલ દ્વારા કાર્યક્રમ નુ સુંદર આયોજન સાથે સુંદર વ્યવસ્થા કરવામા આવી હતી તો પ્રાંતિજ એસબીઆઈ દ્વારા દરેક ઉપસ્થિત નિવૃત્ત શિક્ષકો ને બોલપેન આપવામા આવી હતી.